અમે એવારે અમે એવારે વળી
તમે જે કાંઇ કહો તેવારે.....
નિષ્ઠાથી વલ્લભની વાણી અનુસરતા
બહિર્મુખ કહો છો તો તેવા રે,
અમે એવા રે અમેએવા રે
વળી બીજું જે કાંઇ કહો તેવારે......૧

મેવા મેળવવા પ્રભુને નથી સેવતા
મેવાથી કરવી પ્રભુ સેવા રે,
અમે એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવારે.......૨

વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને
કૃષ્ણ વિક્રયના ધન નથી લેવા રે,
નથી લેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે.......૩

લક્ષ્મીના નાથના નામે ભીખ માગી
નથી કરવા મનોરથો એવા રે,
અમને એવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે.......૪

દેવનું છે દ્રવ્ય તે પ્રસાદ નથી લેતા
જેઓ લેતા હોય તે વૈષ્ણવો કેવા રે,
તેઓ કેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે.......૫
ભાગવતથી ભંડોળ ભેગું કરવા
વડીલો તો નથી ધંધુંકારી જેવા રે,
તેઓ કેવા રે તમે કેવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે......૬

નાણાકીય ભાવો બાંધ્યા સેવા-સામગ્રીના
પુષ્ટિ પ્રભુને નથી ત્યાં લેવા દેવારે,
લેવા દેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે......૭

ગુઢ રસ ભાવ રપ ઘરમાં જ સેવ્ય (પ્રભુ)
નથી જાહેર કરવા જેવા રે,
તે તો એવા રે તે તો એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે.......૮

પોતાના તનથી ને પોતાના ધનથી
ઘરમાં કરવી છે કૃષ્ણ સેવા રે,
કૃષ્ણ સેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેઓ રે.......૯

વલ્લભની વાણી પુષ્ટિજીવો કેમ વિસરે
પડયા નથી એવા કાંઇ હેવા રે,
જેવા તેવા રે અમે એવા રે
વળી તમે જે કાંઇ કહો તેવા રે......૧૦